


અરવલ્લી જિલ્લામાં અડદની ખેતી કરનાર ખેડૂતોની હાલત કફોડી

અરવલ્લી જિલ્લામા ચાલુ વર્ષે મોંઘા ભાવે અડદનું બિયારણ ખરીદી, મોંઘીદાટ જંતુનાશક દવાઓનો છંટકાવ કરી પકવેલા મહામુલા પાક અડદને લઈ સરકાર દ્વારા લાભ પાંચમ પછી ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો અને દેવ દિવાળી પછી અડદ લઈ મોડાસા માર્કેટયાર્ડ સહીત જિલ્લાના માર્કેટયાર્ડમા પહોંચેલા ખેડૂતોને અડદની ટેકાના ભાવે ખરીદી શરૂ ન થતા ખેડૂતોની હાલત દયનીય બની છે. સરકાર દ્વારા ફક્ત પોકળ દાવા કરવામાં આવતા હોવાની અને ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત ખેડૂતોને મશ્કરી સમાન જણાવી હતી. મોડાસા માર્કેટયાર્ડમાં સોમવારે વહેલી સવારે મોટી સંખ્યામાં અડદનો પાક લઈ ખેડૂતો પહોંચ્યા હતા અને ટેકાના ભાવે રાજ્ય સરકાર દ્વારા અડદની ખરીદી કરવામાં આવશે તેવી આશાએ પહોંચેલા ખેડૂતોને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો અનુભવ થતા અને ટેકાના ભાવે ખરીદીના થતા અડદ લઈ પહોંચેલા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને ખેડૂતોએ વેપારીઓને ૬૦૦ રૂપિયાના મણે અડદ વેચવા મજબુર બનતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સરકારે ટેકાના ભાવ જાહેર કરી ખરીદી કેન્દ્ર શરુ કરાયું હોત તો ખેડૂતોએ મણ ૨૦૦થી વધુ રૂપિયા મળ્યા હોત અને ખેડૂતોને દેવાના ડુંગરમા દબાવાનો વારો ન આવત તેમ જણાવી નિરાશામાં ગરકાવ થઈ ગયા હતા.

ભિલોડા વિસ્તારના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓના એસ.ટી.ના પ્રશ્નોની રજુઆત

ભિલોડા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે જિલ્લાની મોટા ભાગની સરકારી કચેરીઓ આવેલ છે. તેમજ તમામ શૈક્ષણિક સંસ્થા આવેલ છે. ભિલોડા-શામળાજી વિસ્તારના સરકારી વિભાગમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારી તેમજ વિદ્યાર્થીઓને મોડાસા ખાતે અપડાઉનમાં મુશ્કેલી પડે છે તેવી રજુઆત અમારી સમક્ષ આવેલ હતી જે અન્વયે ડીવીઝન કન્ટ્રોલરને સવારમાં ભિલોડાથી શામળાજી થઈ મોડાસા ખાતે તેમજ સાંજે મોડાસા-શામળાજી-ભિલોડા બસ સેવા તાકીદે કરવા રજુઆત કરવામાં આવી હતી.

વધુમાં ભિલોડાના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ હિંમતનગરની બેરણા રોડ ઉપર આવેલ ગ્રોમોર કોલેજમાં વિવિધ ટ્રેડમાં અભ્યાસ કરે છે તેઓ રોજ-બરોજ અપડાઉન કરે છે. વિદ્યાર્થીઓ દ્વારા એક્સપ્રેસ બસના પાસ પણ કઢાવવામાં આવેલ છે છતાં એક્સપ્રેસ બસો ગ્રોમોર સ્ટેન્ડ પણ ઉભી રાખવામાં આવતી નથી તેવી ફરીયાદ અમોને મળેલ છે. જેને કારણે ભિલોડાના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો બેરણા રોડ પર આવેલ ગ્રોમોર કોલેજ સ્ટેન્ડ પર તમામ લોકલ-એક્સપ્રેસ તમામ બસો સ્ટોપેજ કરે તેવી જરૂરી લેખીત રજુઆત ડીવીઝન કન્ટ્રોલર-હિંમતનગર અને એસ.ટી. ડેપો મેનેજર-હિંમતનગર અને ભિલોડાને કરવામાં આવેલ છે. આ અંગે વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા રાજેન્દ્ર પારધીની રજુઆત કરવામાં આવેલ જેના પગલે એસ.ટી. સત્તાવાળાને તાકીદે સ્ટોપેજ આપવા લેખીત રજુઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત ભવિષ્યમાં ભિલોડા અંતરાળ વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મુશ્કેલી ન પડે તે અંગે તાકીદે જરૂરી પગલા લેવા એસ.ટી. સત્તાવાળાઓને લેખીત રજૂઆત જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા કરવામાં આવેલ છે તેમ રાજેન્દ્ર પારધીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

હિંમતનગર ખાતે ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનો દીપાવલી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

આયોજકો દ્વારા દર વર્ષે નવીન કાર્યક્રમો દ્વારા સર્વે માટે વર્ષનો આ કાર્યક્રમ આતુરતા સાથે વધુ માણવા લાયક બને છે. વિશેષ નોધનીય કાર્યક્રમમાં આ વર્ષે પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતિને મંચ પર સ્થાન આપી તેમનું સન્માન કરી લગ્નજીવનની શુભકામના રૂપે કેક કાપી ઉજવણી કરવામાં આવેલ. ૭૧મા વર્ષમાં પ્રવેશતા વડીલના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં આવી. ઉપસ્થિત સર્વે વડીલો-યુવાન ભાઈઓ-બહેનો અને બાળકોએ વિવિધ કાર્યક્રમો જેવાકે સમૂહ આરતી, સંગીત ખુરશી, લીંબુ ચમચો, રાસ- ગરબામાં ઉત્સાહપૂર્વક ભાગ લઇ આજના દિવસને વધુ યાદગાર બનાવેલ. હિમતનગર એક્મનાં પ્રમુખ જગદીશભાઈ અને મંત્રી જયેશભાઈ તથા સમગ્ર યુવા ટીમે કાર્યક્રમને સફળ બનાવવા પ્રસંશનીય યોગદાન આપેલ.

આજથી અરવલ્લી જિલ્લામાં ભાજપ દ્વારા ગૌરવ સંપર્ક અભિયાનનો પ્રારંભ

૭ થી૧૨ નવેમ્બર સુધી ચાલનારા આ અભિયાનમાં કાર્યકર્તા ઘરે ઘરે લોક સંપર્ક કરશે

ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પણ આજ તા.૭ મીથી ૧૨મી નવેમ્બર ૬ દિવસ સુધી ગૌરવ સંપર્ક અભિયાનનો પ્રારંભ થશે. જેમાં તમામ તાલુકા-ગામો અને બુથોમાં ૬ દિવસ સુધી ભાજપના ગૌરવ સંપર્ક અભિયાનનો પ્રારંભ થશે.

જિલ્લા મીડિયા ઇન્ચાર્જ પ્રભુદાસ પટેલે કહ્યું કે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને મહામંત્રી શામળભાઈ પટેલે સમગ્ર અભિયાનનું સુપેરે આયોજન કરી દઈને આ પદાધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકા અને બે શહેરી વિસ્તારોના તમામ ૧૦૩૯ બુથોમાં ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન અંતર્ગત ઘરે ઘર જન સંપર્ક કરાશે. જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ કામોની વિગતો સાથેની પત્રિકાઓ પણ ઘરે ઘર હાથોહાથ પહોંચાડાશે. આ અંગેના સાહિત્યનું પણ જિલ્લાના તમામ શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જને વિતરણ કરી દેવાયું છે. ભાજપના કાર્યકરો, આગેવાનો તમામ જ્ઞાતિ-કોમના દરેક નાગરિકોને કોઈપણ પક્ષાપક્ષી વિના સરળતા અને નમ્રતાપૂર્વક મળશે. આ અભિયાન તા. ૧૨મી નવેમ્બરના રોજ સંપન્ન થશે. રાજ્યભરમાં ચાલનારા આ સંપર્ક અભિયાનમાં સરકારના મંત્રીઓથી માડી પેજ પ્રમુખ સુધીના અદના કાર્યકર્તાઓ જોડાશે જેઓ પોતાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જશે.

અરવલ્લી જીલ્લામાં ધીમા પગલે શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીનો પગરવ

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં ધીમા પગલે શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીનો પગરવ થઈ રહ્યો છે. મોડી રાતથી વહેલી સવાર સુધી ઠંડીનું પ્રમાણ વધતા શહેરીજનોને અહેસાસ થઈ રહ્યો છે. ઠંડીના પગલે ઋતુને અનુકૂળ વસ્તુઓ બજારમાં ઠલવાઈ રહી છે. ખાસ કરીને બજારમાં સફરજન સહીત સીતાફળ, જામફળ અને આમળા સહીત ફૂટ અને લીલા શાકભાજીની આવક વધવાની સાથે ભાવમાં સામાન્ય ઘટાડો થતા જીલ્લાવાસીઓમાં આનંદ છવાયો છે અને વિવિધ પ્રકારની ચીક્કીની માંગમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

જિલ્લાના વાતાવરણમાં ઉનાળા જેવી ગરમીનું પ્રમાણ ઘટતા વાતાવરણ ઠંડુ થતા લોકો ફૂલ ગુલાબી ઠંડીનો માહોલ ધીરે-ધીરે જામતા પ્રજનોનો મિજાજ બદલાઈ રહ્યો છે. ખાસ કરીને ખાનપાન અને આરોગ્ય વર્ષ દરમિયાન જળવાઈ રહે તે માટે ખાસ્સા પ્રયત્નો કરતા લોકો જોવા મળી રહ્યા છે. મોડાસા સહીત જિલ્લાના વિવિધ શહેરી વિસ્તારો અને ગામડામાં મોર્નીંગ વોક મારવા નીકળતા લોકોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ શિયાળાની ઋતુને માફક આવતી વસ્તુઓ બજારમાં દેખાઈ રહીછે. જાત જાતના તાજા ફળો ગુંદર પાક સહીતની વસ્તુઓ વેંચતા ફેરિયાઓ અને લરીનો બજારોમાં ખડકલો જોવા મળી રહ્યો છે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોઠવો... એક વખત પાઈલોટ પ્રોજેક્ટ તરીકે એક રાજ્યમાં પ્રયોગ કરો..!! એક કે બે સ્લેબ રાખો..! આટલા બધા સ્લેબ ના ચાલે..!! પણ માને તો ભાજપ શાનું..?!''

''છોડો યાર..!! હવે માન્યા ને..?! હવે વિવાદ નહિ સંવાદ કરીએ..!!'' ''હં..અ..! બસ અમે આજ કહીએ છીએ..! તંદુરસ્ત લોકશાહી માટે વિવાદ નહિ સંવાદ જરૂરી છે..! દેશ મજબુત થશે... આપણે મજબૂત થઈશુ... અને આપણા દેશનું અર્થકારણ પણ મજબૂત થશે. રાજકીય બાબતોમાં હુંસાતુંસી ચાલે... આર્થિક બાબતોમાં નહિ..!!''

''બસ..! આજ સમજણ સેતુ બની જાય તો વિકાસ અને કલ્યાણ આપણા આંગણામાં જ રમે..!!''

- નિમિત્ત માત્ર

પેરેડાઈઝ પેપર્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯મું છે. દસ્તાવેજોમાં મોટા ભાગે બર્મુડાની કાયદાકીય પેઢી એપલબોયના દસ્તાવેજોનો સમાવેશ થાય છે. ૧૧૯ વર્ષ જૂની આ પેઢી વિદેશમાં કંપનીઓની સ્થાપના કરે છે અને તેના બેક એકાઉન્ટની લેવડદેવડ સંભાળે છે.

એપલબોયનો બીજો સૌથી મોટો અસીલ એક ભારતીય કંપની છે. આ ભારતીય કંપની વિશ્વભરમાં ૧૧૮ સહયોગી કંપની ધરાવે છે. એપબોયના ભારતીય અસીલો કેટલીક કંપનીઓ પણ છે, જે અનેકવાર ઈડી અને સીબીઆઈની ઝપટમાં આવેલી છે.

કેન્દ્રના નાગરિક ઉડ્ડયનપ્રધાન જયંતસિંહા અને બોલિવૂડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના નામનો પણ પેરેડાઈઝ પેપરકાંડમાં સમાવેશ થાય છે. યાદી મુજબ બીગ બી એટલે કે અમિતાભ બચ્ચન બર્મુડાની એક કંપનીના શેર ધરાવે છે. કેન્દ્રીયપ્રધાન જયંતસિંહા રાજકારણમાં આવ્યા તે અગાઉ ઓમિડ્યાર નેટવર્કમાં ભાગીદાર હોવાનું પેરેડાઈઝ પેપર્સમાં ખુલ્યું છે. ભાજપના રાજ્યસભાના સાંસદ આર.કે.સિંહાની કંપની એસઆઈએસ સિક્યોરિટીઝનો નામ પણ પેરેડાઈઝ પેપર્સમાં છે. આ જ પેપર્સમાં અભિનેતા સંજય દત્તની પત્ની માન્યતા દત્તનું પણ નામ છે. જોકે તેનો સમાવેશ જૂના નામ દિલનશી સાથે કરાયેલો છે.

હુમલો કરાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા હંમેશા પ્રયાસો કરી રહ્યું છે, પરંતુ ચીન મસૂદની ઢાલ બની રહ્યું છે. ભારતે પઠાણકોટ હુમલો અને મુંબઈ હુમલા મામલે મસૂદ અને જૈશ વિરુદ્ધ પુરાવા પણ આપ્યા છે, પરંતુ પાકિસ્તાન અને ચીન મસૂદના બચાવમાં છે. અને કહે છે કે મસૂદને આતંકી જાહેર કરવા માટે કોઈ પૂરતા પૂરાવા નથી. પરંતુ ચીન અને પાકિસ્તાનના આ દાવાને ખોખલો સાબિત કરે તેવી એક ઓડિયો ક્લીપમાં મસૂદ અઝહરે એ વાતને ઉજાગર કરી છે કે તેણે શ્રીનગરમાં બીએસએફ કેમ્પ પર હુમલો કરાવ્યો હતો.

ઓડિયો ક્લીપમાં જૈશ-એ-મોહંમદના પ્રમુખે પોતે સ્વીકાર કર્યો છે કે, જ્યારે જ્યારે દુનિયા કહેશે કે અમે જિહાદ ખતમ કરીએ. અમારા લોકો શ્રીનગરમાં બીએસએફ શિબિર પર હુમલો કરશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈસ્લામ અને ઈસ્લામી આતંકિયોને નફરત કરે છે અને અમને મારવા ઈચ્છે છે. જ્યારે અમારા પ્રધાન કોઈ વિદેશ યાત્રાએ જાય છે તો આંતરરાષ્ટ્રીય કેટલાક નેતા મદદ કરવાને બદલે અમને મારવાની શરત મૂકે છે, પરંતુ અલ્લાની કૃપાથી અમે જીવતા છીએ.

મસૂદની આ ઓડિયો ક્લીપ એક કલાક ૪૫ મિનિટ લાંબી છે. ઓડિયો ક્લીપમાં મસૂદ અઝહર સ્વીકાર કરે છે કે પાછલા ૧૭ વર્ષોમાં ધર્મના નામ પર લોકોની ભાવનાનો ઉપયોગ કરીને ફિદાઈન મિશન માટે તૈયાર કરી રહ્યા છે અને તેના માટે લોકોને ટ્રેનિંગ અપાઈ રહી છે. તેણે આ ભાષણ પાકિસ્તાનની કોઈ મસ્જિદમાં આપ્યું છે. તેમાં તેણે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન પરવેઝ મુશર્રફની પણ ટીકા કરી છે.

પ્રાંતિજ ખાતે વૃધ્ધાશ્રમના વૃદ્ધોને હોટલમાં ભોજન પીરસાયા

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ ઘરડાઘરના વૃદ્ધોને હોટલમાં જમાડવામાં આવ્યાં હતાં તો વૃદ્ધો ભોજન કરી હોટલ માલિકને આશીર્વાદ સાથે શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ઓનેસ્ટ હોટલ ખાતે દેવ-દિવાળીના દિવસે પ્રાંતિજ ખાતે આવેલ ઘરડા ઘરના વૃદ્ધોને હોટલની અંદર જમાડવામાં આવ્યાં હતાં અને તેમને ભાવતું ભોજન પિરસવામાં આવ્યું હતું.

વૃદ્ધો દ્વારા હોટલ સંચાલકનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તો વૃદ્ધોએ હોટલમાં ભોજન લેતાં તેમનાં ચહેરાઓ ઉપર સ્મિતની સાથે ખુશી જોવા મળી હતી. વૃધ્ધાશ્રમના સંચાલક વિભાષભાઈ પટેલ દ્વારા વૃદ્ધોને ઓનેસ્ટ હોટલ ખાતે લઈ ગયા હતાં તો હોટલ માલિક દ્વારા તેમને ભાવતાં ભોજન પિરસવામાં આવ્યાં હતાં. ભોજન લઈ વુધ્ધાશ્રમના વૃદ્ધો દ્વારા હોટલ માલિકને શુભેચ્છાઓ શુભકામનાઓ સાથે આશીર્વાદ આપ્યા હતા

સ્પર્ધાઓ યોજાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાર્થના સભામાં બોલાવી સન્માન કરી મતદાન જાગૃતિનો સંદેશો પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. તા ૨૦ થી ૨૫ નવેમ્બર દરમિયાન જાહેર તેમજ ધાર્મિક સ્થળો પર રંગલા રંગલીના પાત્ર દ્વારા શેરી નાટક, સો ટકા મતદાન માટે સહી અભિયાન હાથ ધરાશે. ત્યારબાદ ગામ શહેરના જાહેર સ્થળો પર મતદાન જાગૃતિને લગતા સુત્રો અને શ્લોગન લખવા માટે પણ ઝુંબેશ હાથ ધરાશે. જયારે તા ૪ થી ૧૧ ડિસેમ્બર દરમિયાન નિબંધ તેમજ વકતૃત્વ સ્પર્ધા અને રેલીનુ આયોજન કરવામા આવશે.

ગલીઓમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. પરંતુ જાગૃતિલક્ષી આ કાર્યક્રમને અનુલક્ષી મતદાનથી વંચિત રહેતા શ્રમિકો તેમજ અશિક્ષિત વર્ગને પણ પ્રેરીત કરી ઢંઢોળવા માટે યોગ્ય આયોજન થાય તે જરૂરી હોવાનુ પણ મનાઇ રહયુ છે. આ માટે સ્થાનિક સંસ્થાઓનો સહયોગ લઇ સેકટરે સેકટરે તેમજ ગામે ગામ મતાધિકારના ઉપયોગથી વંચિત રહેતા નાગરિકોને ઢંઢોળવાનો પ્રયાસ કરવાની અનિવાર્યતા હોવાનુ પણ પ્રબુધ્ધ નાગરિકો માની રહયા છે. શાળાકક્ષાએ યાજાનારા મતદાન જાગૃતિ અભિયાનની અસરકારકતા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયા છે.

શૌચાલયો બંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલુ જ નહિ શૌચાલયો પણ બંધ હાલતમાં જોવા મળ્યા હતા.

ઓપન ડેફીનેશન ફ્રી જાહેર થયેલ શહેરના જાહેર શૌચાલયોની સ્થિતિ પર તંત્રની ઓચિંતી તપાસે જ જે પર્દાફાશ કર્યો છે તેનાથી સ્વચ્છ શહેરની વાતો કાગળ પર હોવાની વાતો પુરવાર થાય છે. આ બધી જ બાબતોને તંત્રએ ગંભીરતાથી લઈ નોટીસ ફટકારી અન્ય વિકલ્પની વિચારણા કરવાની ચેતવણી પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

વોક-વેનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહનોની અવરજવર પણ સરળ બનશે. માર્ગ પર રહેણાંક વિસ્તાર તેમજ નગરનુ સૌથી જુનુ મંદિર , શોપિંગ સેન્ટર અને દવાખાનુ પણ સ્થિત હોવાથી આમ પણ આ માર્ગ પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે સેકટરને જોડતા સાંકડા રીંગ રોડના લીધે અનેકવાર અકસ્માતો પણ સર્જાતા હતા. આ સ્થિતિને ધ્યાને લઇ માર્ગના વાઇડનીંગનુ કામ હાથ ધરાયુ છે. જયારે માર્ગ વાઇડનીંગના અંતે માર્ગ આસપાસ ફુટપાથનુ કામ પણ શરૂ કરી દેવાશે. જેથી સેકટરમાં પ્રવેશ આપતા રીંગ રોડ તેમજ એપ્રોચ માર્ગની રોનક નિખરશે.

બાળકોના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિનાથી મોટી વયના ૩૬ બાળકોનો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જે પૈકી ૧૦ બાળકોના મોત થઇ ચુકયા છે. લોકોની સામે તેમના માસૂમ બાળકોના મોત થઇ રહ્યા છે. તબીબો, વહીવટીતંત્ર અને સરકારની તમામ વ્યવસ્થા લાગેલી હોવા છતાં બાળકોના મોત થઇ રહ્યા છે જે દર્શાવે છે કે, બીઆરડી મેડિકલ કોલેજમાં તમામ બાબતો અસરકારકરીતે આગળ વધી રહી નથી. મેડિકલ કોલેજ વહીવટીતંત્રની વાત કરવામાં આવે તો જાપાની તાવના પરિણામ સ્વરુપે મોતના આંકડામાં ઘટાડો થયો છે પરંતુ કોલેજમાં જવાબદાર અધિકારી વધારે બોલવાની સ્થિતિમાં નથી. આ મોતને લઇને રાજનીતિ પણ રમાઈ રહી છે. આંકડાની વાત કરવામાં આવે તો જાપાની તાવના કારણે સતત મોત થઈ રહ્યા છે.

હજુ સુધી ૧૩૪૧ બાળકોના મોત થઈ ચુકયા છે. હોસ્પિટલ વહીવટીતંત્રએ કહ્યું છે કે, મેડિકલ પાંચ કરોડથી વધુની વસ્તીની સેવા કરે છે. અહીં પૂર્વીય ઉત્તર પ્રદેશ ઉપરાંત બિહાર, નેપાળ સુધીના દર્દીઓ આવે છે. ગોરખપુરમાં બીઆરડી મેડિકલ કોલેજની હાલમાં ભારે ચર્ચા રહી હતી. કારણ કે, ૧૦ અને ૧૧મી ઓગસ્ટની રાત્રે ૩૬ બાળકોના મોત ઓક્સિજન ખોરવાઈ જવાના કારણે થયા હતા.

યાત્રા વધુ મોંઘી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગે હાલમાં કોઈ વાત કરવામાં આવી નથી. સામાન્ય રીતે ઠંડીની શરૂઆત થતાની સાથે જ ધુમ્મસના કારણે ટ્રેનો સામાન્ય રીતે લેટ થવાની શરૂઆત થઈ જાય છે. હાલત એછે કે હાલમાં જ રાજધાની, ડુરેન્ટો અને શતાબ્દી સહિતની ટ્રેનો કેટલીક વખત સતત મોડે થઈ જાય છે. કેટલાક રેલવે ખંડ પર ટ્રેન એક કલાકથી ૧૫ કલાક સુધી લેટ થઈ જાય છે. સુપરફાસ્ટ ટ્રેનોની હાલત હાલમાં વધારે સંતોષજનક દેખાઈ રહી નથી. કેગે છેલ્લા રિપોર્ટમાં રેલવેની જોરદાર ટિકા કરી હતી. સીએજીએ જુલાઈ મહિનામાં રજૂ કરેલા અહેવાલ સુપરફાસ્ટ ચાર્જ પર રેલવેની જોરદાર ટિકા કરી હતી.

કેગે પોતાના અહેવાલમાં કહ્યું હતું કે, ૨૦૧૩-૧૪થી ૨૦૧૫-૧૬ વચ્ચે ઉત્તર-મધ્ય તથા દક્ષિણ મધ્ય રેલવેએ યાત્રીઓ પાસેથી ૧૧.૧૭ કરોડ રૂપિયા સુપરફાસ્ટ ચાર્જ તરીકે વસુલ કર્યા હતા પરંતુ ૧૧ સુપરફાસ્ટ ટ્રેનો ૫૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી દોડી શકી નથી. રેલવેની પાસે ઉપલબ્ધ આંકડા દર્શાવે છે કે, આ વર્ષે જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર મહિનામાં ૮૯૦ સુપરફાસ્ટ ટ્રેનો મોડેથી દોડી રહી છે. જુલાઈમાં ૧૨૯, ઓગસ્ટમાં ૧૪૫ અને સપ્ટેમ્બર ૧૮૩ સુપરફાસ્ટ ટ્રેનો એકથી ત્રણ કલાક સુધી વધુ મોડેથી દોડી છે.

આત્મસમર્પણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રેન્જથી ફાયરીંગ કરી હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી, તેમના ભત્રીજા શિવા સોલંકી સહિત છ આરોપીઓના નામો ખુલ્યા હતા અને પોલીસે તમામની ધરપકડ કરી જેલભેગા કર્યા હતા. જેમાં દિનુ બોઘા સોલંકી બાદમાં જામીન પર મુકત થયા હતા. ચકચારભર્યા જેઠવા હત્યા કેસમાં સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટમાં તેનો ટ્રાયલ ચાલ્યો હતો પરંતુ તેમાં મોટાભાગના એટલે કે, લગભગ ૧૦૫ સાક્ષીઓ ફરી ગયા હતા, જેમાં મહત્વના તાજના ૨૬ સાક્ષીઓનો પણ સમાવેશ થતો હતો.

અદબ-પલાંઠી... ● ૪ પાનાનું ચાલુ...

કાળજી અચૂક રાખવી ઘટે.ભણાવી નાખનારા શિક્ષક કરતાં વિદ્યાર્થીઓને પ્રેમ કરનારા શિક્ષક વધુ ગમતાં હોય છે. પરસ્પરનો સ્નેહ ગુરુ-શિષ્ય સંબંધનો પાયો છે. દરેક શાળામાં એકાદ પ્રેમાળ શિક્ષક આવી મળે છે. વિદ્યાર્થીઓમાં આવા પ્રેમાળ શિક્ષકની બોલબાલા હોય છે. શિક્ષક વિદ્યાર્થીઓને ત્યારે જ પ્રેમ કરી શકે જયારે તે પોતે પ્રસન્નચિત્ત હોય. હસતો ને હસાવતો શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવી દે છે.વિદ્યાર્થી કાળ દરમિયાન મળી આવેલ એકાદ આવો શિક્ષક વિદ્યાર્થી ને જીવનભર યાદ રહે છે. આવો શિક્ષક પ્રયોગશીલ હોય. તેને બાળકો સાથે મોજ પડતી હોય. આવા શિક્ષકો કોઈ સરકારી એવોર્ડના મોહતાજ નથી હોતા. તેઓ તેમની મસ્તીમાં જ રાચતાને સંચરતા હોય છે.અંતે બર્થ ડે કેક કાપીને સૌ મિત્રો છૂટા પડયા.

મિસરી

આ કાળું પાટિયુંને ચોક, લ્યો જવાબ લખો !
તમારા હાથ વત્તા કેટલા ગુલાબ ? લખો !

(રમેશ પારેખ)

- santoshdevkar03@gmail.com